# દિલ્હીમાં નવેસરથી ચૂંટણીની શક્યતા

નવી દિલ્હી,તા. ૨

દિલ્હીમાં વિધાનસભાની સ્થિતી અને સરકારની રચના કરવા અંગેના સંભવિત વિકલ્પ સાથે દિલ્હીના લેફ્ટી. ગવર્નર નજીબ જંગ આ સપ્તાહમાં તેમની ભલામણ મોકલે તેવી શક્યતા છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે નજીબ જંગ દિલ્હીમાં નવેસરથી ચૂટણી માટે રજૂઆત કરે તેવી વકી છે. દિલ્હીમાં ફેબ્રુઆરી બાદથી સરકાર નથી. દિલ્હીમાં આમ આદમી પાર્ટી દ્વારા દાખલ કરવામાં આવેલી દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખવાની અરજી પર સુપ્રીમ કોર્ટમાં આઠમી સપ્ટેમ્બરના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવે તે પહેલા જ નજીબ જંગ તેમની ભલામણ મોકલી દેવા વિચારી રહ્યા છે. જંગ તે અહેવાલમાં બે વિકલ્પ રજૂ કરનાર છે. મળેલી માહિતી મુજબ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મોકલી દેવામાં આવનાર ભલામણમાં તેઓ એવી ભલામણ કરશે કે દિલ્હી વિધાનસભામાં સૌથી મોટી પાર્ટી ભાજપને સરકારની રચના કરવા માટે આમંત્રણ આપવામાં આવે. આ વિકલ્પ ઉપરાંત નવેસરથી ચૂટણી યોજવાની ભલામણ કરવામાં આવનાર છે. દિલ્હીમાં ફેબ્રુઆરી બાદથી કોઇ સરકાર નથી. કારણ કે ૪૯ દિવસ સુધી શાસન કર્યા બાદ એએપીના નેતા અરવિન્દ કેજરીવાલે મુખ્યપ્રધાન તરીકે રાજીનામુ આપી દીધુ હતુ. ત્યારબાદથી દિલ્હીમાં કોઇ સરકાર નથી. દિલ્હીમાં સરકાર રચવા ભાજપે કોઇ રસ દર્શાવ્યો ન હતો. સાથે સાથે આમ આદમી પાર્ટીએ નવેસરથી ચૂંટણી યોજવાની માંગ કરી હતી. મામલો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચી ગયો હતો. સુપ્રીમ કોર્ટમાં આઠમી સપ્ટેમ્બરના દિવસે થનાર સુનાવણી પર પણ તમામની નજર રહેશે. દિલ્હીમાં સરકારની રચનાને લઇને ભારે દુવિધાભરી સ્થિતી સર્જાઇ ગઇ છે. મોટા ભાગે હવે પ્રવર્તમાન સ્થિતીમાં નવેસરથી ચૂંટણી યોજાય તેવી શક્યતા છે.દિલ્હીમાં તમામ પક્ષો પહેલાથી ચૂંટણીની તૈયારીમાં છે.

# ઉત્તરપ્રદેશમાં માયાવતીની પાર્ટી પેટાચૂંટણી નહી લડે

**લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ સફાયો થયા બાદ નવેસરથી ઉત્તરપ્રદેશમાં સક્રિય થવા થોડાક દિન બાદ પ્રયાસો કરાશે**

લખનૌ,તા. ૨

ઉત્તારપ્રદેશમાં ૧૩મી સપ્ટેમ્બરના દિવસે યોજાનારી પેટાચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સંપૂર્ણપણે તૈયાર છે. પરંતુ હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ સફાયો થયા બાદ માયાવતીની પાર્ટી બહુજન સમાજ પાર્ટીએ પેટાચૂંટણીમાં મેદાનમાં નહી ઉતરવાનો નિર્ણય કરતા રાજકીય પક્ષોમાં ભારે ચર્ચા છે. માયાવતીએ પેટાચૂંટણીમાં અપક્ષોને ટેકો આપવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૧૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં બહુજન સમાજ પાર્ટીએ હાલમાં જ્યાં પેટાચૂંટણી યોજાઇ રહી છે તે પૈકી સાત બેઠકો પર બીજા સ્થાને રહેવામાં સફળતા મેળવી હતી. છતાં લોકસભાની ચૂંટણીમાં હાર બાદ પાર્ટીએ હાલ પેટાચૂંટણીમાં મેદાનમાં નહી ઉતરવાનો નિર્ણય કર્યો છે. બહુજન સમાજ પાર્ટી ખસી જતા ભાજપને સીધો ફાયદો થાય તેવી શક્યતા છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને મોટા ભાગની સીટ જીતી લીધી હતી. ભાજપે ૮૦ લોકસભા બેઠકો પૈકી ૭૦ બેઠકો જીતીને ઈતિહાસ સર્જયો હતો. હવે પેટાચૂંટણીમાં તેની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને ભાજપ આ ચૂંટણીને લઈને ખુબ ગંભીર છે. પરંતુ માયાવતી અપક્ષને ટેકો આપવાનો નિર્ણય કરી ચુક્યા છે. આવનાર દિવસમાં માયાવતીની વ્યુહરચના શુ રહેશે તેને લઈને ભારે ચર્ચા છે. લોકસભાની ચૂંટણનીમાં માયાવતીની પાર્ટીને કોઈ બેઠક મળી હતી. ૧૩મી સપ્ટેમ્બરના દિવસે યોજાનારી ચૂંટણી તમામ પક્ષો માટે ઉપયોગી છે. હાલમાં ઝારખંડ અને બિહારમાં પેટાચૂંટણીમાં ભાજપને અપેક્ષા કરતા ઓછી સફળતા મળી હતી. અહી તે લોકસભા ચૂંટણીનુ પુનરાવર્તન કરી શકશે કે કેમ તેના પર નજર રહેશે.



# મૂડીરોકાણકારો માટે લાલજાજમ બિછાવવા નરેન્દ્ર મોદીની ખાતરી

ટોકિયો,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનની પાંચ દિવસની ઐતિહાસિક યાત્રાના આજે ચોથા દિવસે જાપાનના મૂડીરોકાણકારોને તેમના માટે લાલઝાઝમ બિછાવીને સ્વાગત કરવાની ખાતરી આપી હતી. જાપાની મૂડીરોકાણકારોને મોટાપાયે રોકાણ કરવા મોદીએ અપીલ કરી હતી. ભારતમાં જાપાની મૂડીરોકાણ મોટાપાયે લાવવાના પ્રયાસરુપે મોદીએ કહ્યું હતું કે, ભારતમાં રેડટેપ નહીં બલ્કે રેડ કાર્પેટ રહેશે. કારણ કે સરકારે પહેલાથી જ મૂડીરોકાણકારો માટે ધારા-ધોરણોને ઘણા અંશે ખુબ હળવા બનાવી દીધા છે. તેમણે કહ્યું હતું કે, ભારત સરકાર વિકાસ અને મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિને વધારવા ઉપર કામ કરી રહી છે. ભારત કરતા મૂડીરોકાણ માટે વધુ કોઈપણ આદર્શ સ્થળ હોઈ શકે નહીં. મોદીએ એમ પણ કહ્યું હતું કે, ભારતમાં લાલઝાઝમ રોકાણકારો માટે બિછાવવામાં આવશે. આર્થિક મોરચે બંને દેશો વચ્ચે નવા ઈતિહાસની હાંસલ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, ભારત એક માત્ર એવી જગ્યા છે જયા લોકસભા સ્પષ્ટ અને



પારદર્શકરીતે દેખાઈ આવે છે. દરેક ક્ષેત્રમાં માંગ પણ વ્યાપર છે. જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન અને નિક્કી દ્વારા આયોજિત સેમિનારમાં જાપાની રોકાણકારોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ભારત સુરક્ષા, સલામતી, ન્યાય અને લોકશાહીની ગેરંટી છે. ભારત વૈશ્વિક માર્કેટ સુધી પહોંચવા માટે ગોડગિફ્ટેડ લોકેશન તરીકે છે. સત્તામાં તેમની સરકારને ૧૦૦ દિવસનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, જે અઢી વર્ષના ગાળામાં હાંસલ કરવામાં સફળતા મળી નથી તેને ટુંકાગાળામાં હાંસલ કરવામાં સફળતા મળી છે. એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળામાં દેશનું જીડીપી ૫.૭ ટકા રહ્યો છે જે અઢી વર્ષના ગાળામાં સૌથી વધારે છે. તેમની સરકાર ભારતમાં વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા જે કંઈ પણ જરૂરી હશે તેની ઓફર કરશે. જાપાન વગર ભારત અધુરુ છે અને ભારત વગર જાપાન પણ અધુરુ છે. તેમના જણાવ્યા મુજબ જાપાનની હાર્ડવેર કુશળતા અને ભારતની સોફ્ટવેર કુશળતા ચમત્કાર સર્જી શકે છે. પરમાણુ સમજુતી પર ભારતના હસ્તાક્ષર ન કરવાના કારણે આંતરરાષ્ટ્રીય સમુદાયની ચિંતાને દુર કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે શાંતિ અને અહિંસા માટે ભારત કટિબદ્ધ છે. શાંતિ અને અહિંસા ભારતીય સમાજના ડીએનએમાં છે. જેને કોઈ સમજુતી અને કરારની જરૂર નથી. આ તમામતી આ બાબત ઉપર છે. મોદીએ જાપાનની ઐતિહાસિક યાત્રાના ચોથા દિવસે આજે સૈક્રેડ હાર્ટ યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે ભારત ભગવાન બુદ્ધની જમીન છે. બુદ્ધ શાંતિ માટે જીવ્યા હતા અને હમેંશા શાંતિના સંદેશ આપ્યા હતા. વાતચીત દરમિયાન મોદીએ અન્ય મુદ્દા પર વાત કરી હતી. પરમાણુ સમજુતી પર હસ્તાક્ષર કર્યા વગર ભારત આંતરરાષ્ટ્રીય સમુદાયનો વિશ્વાસ કઈ રીતે જીતશે તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે ભારત શાંતિ માટે કટિબદ્ધ છે. પરમાણુ હથિયાર હોવા છતાં ભારત સમજુતી પર હસ્તાક્ષર કરવાનો ઈન્કાર કરે છે. ભારત સમજુતીને ખામી ભરેલી ગણે છે જેથી તેના પર ભારતે હસ્તાક્ષર કર્યા નથી. મોદીએ જાપાન યાત્રાના ચોથા દિવસે વિવિધ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મોદીએ ટોકિયોમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી.

મોદીએ કહ્યું હતું કે કોઈ પણ સિદ્ધી હાંસલ કરવા માટે મહેનત કરવી પડે છે. મોદીએ તેમના ભાષણમાં નાલંદા અને અન્ય સ્થળોનો ઉલ્લેખ કર્યો હતો. વિદ્યાર્થીઓએ મોદીની સાથે સેલ્ફી પણ લીધા હતા.

ટીસીએસના કાર્યક્રમમાં મોદીએ ડ્રમ વગાડીને જાપાની વિદ્યાર્થીઓઓના દિલ જીતી લીધા હતા. મોદીએ અનેક મુદ્દા પર વાત કરી હતી. મોદીએ ગઈકાલે જાપાનના વડાપ્રધાન સાથે વિવિધ મુદ્દા પર વાત કરી હતી.

# પ્રથમ વખત સેંસેક્સ ૨૭૦૦૦થી ઉપર પહોંચતા કારોબારી ખુશ

મુંબઈ, તા. ૨

શેરબજારમાં આજે પણ જોરદાર તેજીનુ મોજુ રહ્યું હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૧૫૨ પોઇન્ટ ઉછળીને ૨૭૦૧૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૫ પોઇન્ટ સુધરીને ૮૦૮૩ની સપાટીએ રહ્યો હતો. એક વખતે નિફ્ટી ૮૧૦૧ની સપાટીએ પહોંચી ગયો હતો. શેરબજારમાં તેજી માટે અનેક કારણો જવાબદાર દેખાઇ રહ્યા છે. એપ્રિલ-જુન ૨૦૧૪ દરમિયાન સતત ત્રીજા ત્રિમાસિક ગાળા માટે દેશમાં બેલેન્સ ઓફ પેમેન્ટ સરપ્લસ સ્થિતીમાં છે. આ અહેવાલની સીધી અસર થઈ હતી. એશિયન માર્કેટમાં આજે તેજી રહી હતી. નિક્કી અને સંઘાઈ કમ્પોઝીટમાં સૌથી વધુ વધારો થયો હતો. જાપાનના શેરમાં ૧.૨ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. જેથી તેની સપાટી ૧૫૬૬૯ નોંધાઈ હતી. જ્યારે સંઘાઈ કમ્પોઝીટમાં ૧.૩ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. જેથી તેની સપાટી ૨૨૬૬ રહી હતી. સિંગાપોર સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૪ ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો. જેથી તેની સપાટી પણ વધી હતી. હેંગસેંગમાં નબળી સ્થિતી રહી હતી. યુરોપિયન બજારમાં તેજી સાથે કારોબારની શરૂઆત થઈ હતી. દિવસ દરમિયાન બીએસઇ હેલ્થકેર ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૮ ટકા સુધીનો વધારો નોંધાયો હતો. જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઇલ એન્ડ ગેસ, બેન્કેક્સ અને એફએમસીજીમાં પણ તેજી રહી હતી. કારોબાર દરમિયાન સિપ્લાના શેરમાં સૌથી વધુ પાંચ ટકાથી વધુનો વધારો રહ્યો હતો. સન ફાર્મામાં ૨.૬ ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો. ડો. રેડ્ડી લેબમાં નજીવો સુધારો રહ્યો હતો. અન્ય જે શેરમાં તેજી રહી હતી તેમાં એચડીફસી અને ખાનગી બેંકનો સમાવેશ થાય છે. એસબીઆઇ અને એકસીસ બેંકના શેરમાં ૦.૭ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. ભારતી એરટેલના શેરમાં ૪.૨ ટકા સુધીનો સુધાર થયો હતો. ઈન્ડેક્સ હેવી વેઈટ આઈટીસી અને રીલાયન્સમાં પણ નોંધપાત્ર સુધારો થયો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડ કેપ અને સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ક્રમશ ૦.૮ ટકા અને ૦.૯ ટકા સુધીનો સુધારો થયો હતો. માર્કેટ બ્રીડ્થ આજે તેજીમાં રહી હતી. ૧૭૪૨ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૨૪૬ શેરમાં મંદી રહી હતી. શેરબજારમાં તેજી રહેવા માટે અનેક પરિબળો જવાબદાર રહ્યા હતા. બજારમાં હાલમાં ખુબ સારી સ્થિતિ જોવા મળી રહી છે. આંકડા પણ ખુબ સારા રહ્યા છે.

ભારતીય બેલેન્સ ઓફ પેમેન્ટની સ્થિતિ સતત ત્રીજા મહિનામાં સરપ્લસ રહી છે અને આ આંકડો એપ્રિલ-જૂન ૨૦૧૪ માટે ૧૧.૨ અબજ ડોલર રહ્યો છે. આવી જ રીતે ભારતની વર્તમાન ખાતાકીય ખાદ્ય જીડીપીના ૧.૭ ટકા રહી છે જે ૨૦૧૩-૧૪ના ગાળામાં ૪.૮ ટકા હતી. નાણાંકીય વર્ષમાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં સીએડીમાં ઘટાડો થયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી હતી. નિફ્ટીએ પ્રથમ વખત ૮૦૦૦ની જાદુઈ સપાટી કુદાવી લીધી હતી. જીડીપીના આંકડા વચ્ચે નિફ્ટી ૮૦૦૦થી ઉપર બંધ રહેતા કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. જીડીપીના પ્રથમ ત્રિમાસિક ગાળાના આંકડા અપેક્ષા કરતા વધુ સારા રહ્યા બાદ સોમવારે કેપિટલ ગુડ્સ અને બેંકના શેરમાં જોરદાર તેજી જામી હતી. સેન્સેક્સ સોમવારે કારોબારના અંતે ૨૨૯ પોઈન્ટ ઉછળીને ૨૬૮૬૮ની સપાટીએ રહ્યો હતો.

## સમાચાર ઝલક

- સાઉદી અરબમાં જવા માટે ભારતીયોને ૬ લાખ વીમા ઈસ્યુ કરાયા.
- દક્ષિણ ચીનમાં ભુસ્ખલન થતાં 3 નાં મોત ૧૧ ને ઈજા.
- પેટ્રોલ બાદ ડીઝલમાં કિંમત ઘટાડો કરવાના પ્રયાસો.
- બી.સી.સી.આઈ.ના અધ્યક્ષપદે શ્રી નિવાસનને પુનઃસ્થાપિત કરવા સુપ્રિમનો ઈન્કાર.
- પોરબંદરમાં સહાયક વાણિજય વેરા કમિશ્નર રૂ. ૪૦૦૦ની લાંચ લેતા પકડાયા.
- ભાવનગરના બાબરિયા ગામના યુવાન સરપંચની ઘાતકી હત્યા.
- સીડનીમાં ગુજરાતી માતાનું પુત્રીને બચાવવા 'મિશન ત્વિશા' ૭ કરોડની જરૂર.
- વડોદરામાં કોમી હિંસા બાદ પરિસ્થિતિ તંગ સજ્જ બંદોબસ્ત અને પેટ્રોલિંગ.
- ભરૂચની જિલ્લા સહકારી બેંકમાં ગોલ્ડ લોન કૌભાંડ થતાં બચતકારોની પૈસા પાછા લેવા માટે લાગેલી લાઈનો.
- દિલ્હીમાં ૧૩ વર્ષની કિશોરીને પોર્ન બનાવી દુષ્કર્મ આચરતો ટયુટર.
- અમરેલી જિલ્લાના જુની કાતર ગામે ૫ સિંહોનું ટોળું ગામમાં ઘુસ્યું. ગણેશજીની મૂર્તિને ખંડિત કરી ૧૩ ગાયને મારણ કરી. ગ્રામજનો ભયભીત.
- ચેક રીટર્ન : જે વિસ્તારની બેંક હશે ત્યાં જ કેસ થશે.
- રાંચી પછી કાનપુરમાં વધુ એક રાષ્ટ્રીય ખેલાડી લવ-જેહાદની શિકાર.
- ભેળપુરી-સૌથી તંદુરસ્ત અને સસ્તો નાસ્તો. પ્રોટીન સહિત પાંચ જરૂરી તત્વો-રીસર્ચનું તારણ.
- ગુજરાત સરકારમાં નવી ભરતી-વાહન, પ્રવાસના મોટા ખર્ચામાં રોક.
- દરરોજ ૨.૪ કરોડ મહિલાઓ લોગ ઈન કરે છે. ૧૫ કરોડ યુઝરો પૈકી ૪૦ ટકા મહિલાઓ.
- શાળા કક્ષાએ ખેલ મહાકુંભ ૪થી ઓકટોબરથી શરુ થશે.
- રૂ. ૧૦૦ અને રૂ. ૧૦૦૦ની બનાવટી નોટોના ચલણમાં ચિંતાજનક વધારો.

# જાપાનમાં મોદીની સાથે શ્રીદેવી પણ લોકપ્રિય છે

નવી દિલ્હી,તા. ૨

પોતાના અંદાજથી જાપાની લોકોના દિલમાં વસી ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકલા એવા ભારતીય નથી શ્રીદેવી પણ જાપાની લોકોને પ્રભાવિત કરી ચુકી છે. એકબાજુ મોદી હિંદીમાં પોતાના ભાષણોથી લોકોના દિલ જીતી ચુક્યા છે. જ્યારે બોલીવુડમાં અભિનેત્રી શ્રીદેવી પણ ભારે લોકપ્રિયતા જગાવી ચુકી છે. શ્રીદેવીની કમબેક ફિલ્મ ઈંગ્લીશ-વિંગ્લીશે જાપાનમાં ૧૦ લાખ ડોલરની કમાણી કરી હતી. આની સાથે જ તે જાપાનમાં સૌથી વધુ કમાણી કરનાર બીજી ફિલ્મ બની ગઈ હતી. ભારતમાં ૨૦૧૨માં રજુ થયેલી આ ફિલ્મ જાપાનમાં આ વર્ષે ૨૮મી જુનના દિવસે રજુ થઈ હતી. જાપાનમાં ૩૩ સ્ક્રીનમાં આ ફિલ્મ રજૂ કરાઈ હતી. ૧૭ અન્ય સ્ક્રીન પર મોડેથી આ ફિલ્મ રજૂ કરાઈ હતી. જાપાનના ૨૦ શહેરોમાં ૫૦ સ્ક્રીન પર આ ફિલ્મ હાલમાં ચાલી રહી છે. ઈંગ્લીશ-વિંગ્લીશ માટે ટોકિયોમાં ૨૭મી મેના દિવસે પ્રીમિયરનું આયોજન કરાયું હતું. જેમાં શ્રીદેવીની સાથે જાપાનના વડાપ્રધાન શિંજોના પત્નિ અને ત્યાંના જાણીતા ગાયકે પણ હાજરી આપી હતી.

## hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

એકવાર કૉલેજના વિદ્યાર્થીઓના ગાર્ડન પર એક નવી ઈમારત બનાવવાનું ચાલું હતું, અને એ કામનો કોન્ટ્રાક્ટર પેલા રાજકીય નેતાને મળ્યો અને ફરિયાદ કરી. 'સાહેબ, મને એક જ સમયે બબ્બે જણને હપ્તા આપવાનું પોસાતું નથી. નક્કી કર્યા પ્રમાણે હું આ કામનું કમિશન તમને આપું જ છું. હવે તમારા આચાર્ય પણ તમારા જેટલો જ પ્રસાદ માગવા લાગ્યા છે. સાહેબ નથી સહન થતું.'

ગિન્નાયેલા નેતાએ તાત્કાલિક આચાર્યને બોલાવી કડક શબ્દમાં સંભળાવ્યું, 'જુઓ માસ્તર, હું તમારો માલિક છું અને તમે મારા નોકર.' તમે કૉલેજની પસ્તીનાં પૈસા ચાઉં કરો છો. ચોકના બોક્સ અને સ્ટેશનરીમાં કમિશન ખાવ છો. કેન્ટીનમાંથી કરિયાણું ઘર ભેગું કરો છો. પગલુંછણીયા અને ઝાડું લઈ જતાંય શરમાતાં નથી. હું કયારેક કશું બોલ્યો? તમે તમારો લોભ ઓછો કરો, નહીં તો તમારે ઘરે બેસવું પડશે. આચાર્ય વગરની કૉલેજ ચલાવતાં મને આવડે છે.' ગભરાયેલાં સિદ્ધાંતનાએ આચાર્ય મિત્ર નેતાના જૂતા સહ પગ પકડી લીધાં અને આંસુથી ભીનાં કરી દીધાં... શિક્ષકદિન આવે છે અને સિદ્ધાંત અને એનાં બીજા પ્રાધ્યાપક મિત્રો આ આચાર્ય અને એમનાં આદર્શ ગુણે અને કયાં સરસ્વતીને શરમમાં મુકતા આ લક્ષ્મીપતી આચાર્ય!!

**ચૂંટલો :**

શાળા-કૉલેજના આચાર્ય એ સમાજનું સન્માનીય સ્થાન છે. એમના આદર્શ અને ગુણોથી સમાજ ઘડતર થાય છે, અત્યારે શિક્ષણને ધંધામાં ખપાવતાં જે આચાર્ય આ સ્થાનને નિચાપણું જોવરાવે છે એવાં આચાર્ય શિક્ષકદિને પોતાનું ખમીર પાછું મેળવે એવી સદ ઈચ્છા.

## લાવાનો સેલ્ફી સ્માર્ટફોન આઈરીસ એક્સ-૫ લોન્ચ

નવી દિલ્હી,તા.૨

ભારતમાં સેલ્ફી સ્માર્ટફોનના શોખીન લોકો માટે હવે સ્માર્ટફોન લોન્ચ થવા લાગી ગયા છે. સોની એક્સપીરીયા દ્વારા સી-૨ ડ્યુઅલ અને કાર્બન ટાઈટેનિયમ એસ-૯ લોન્ચ કરવામાં આવ્યા બાદ લાવા આઈરીસ એક્સ-૫ સ્માર્ટફોન લોન્ચ કરવામાં આવ્યો છે. આની કિંમતને લઈને હંમેશા ચર્ચા રહી છે. લાવા આઈરીસ એક્સ-૫ની સૌથી મોટી બાબત એ છે કે, એલઈડી ફ્લેશની સાથે ૫ મેગા પિક્સલના ફ્રન્ટ કેમેરો છે આની પાછળની તરફ ડ્યુઅલ એલઈડી ફ્લેશ અને ઓમ્ની બીએસઆઈ સેંસરની સાથે ૮ મેગાપિક્સલ કેમેરા છે. લાવા આઈરીસ એક્સ-૫માં ૧.૨ ગીગાહર્ટ્ઝ કોર પ્રોસેસર અને ૧ જીબી રેમ છે. પાંચ ઈંચના એચડી આઈપીએસ ડિસ્પ્લે છે. આ ફોન બજારમાં લોકપ્રિયતા જગાવશે તેમ કંપનીના લોકો માની રહ્યા છે. લાવા આઈરીસ એક્સ-૫ ડ્યુઅલ સીમ સપોર્ટ કરે છે જેમાં એક રેગ્યુલર સીમ અને બીજું માઈક્રોસીમ સપોર્ટેડ છે. આ એન્ડ્રોઈડ ૪.૪ કિટકેટ વર્ઝન પર ચાલે છે. ફોનમાં ૩૨ જીબી સુધી માઈક્રોએસડી કાર્ડ લગાવી શકાય છે.

# અલાગિરીની કોર્ટની સમક્ષ શરણાગતિ : જામીન મળ્યા

મદુરાઈ,તા. ૨

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને હકાલપટ્ટી કરવામાં આવેલા ડીએમકે નેતા એમકે અલાગિરીએ આજે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર થઈ ગયા હતા. જો કે, તેમને મોડેથી જામીન પણ મળી ગયા હતા. જમીન કબજે કરવા સાથે સંબંધિ કેસના સંબંધમાં તેઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયા હતા. બુધવાર સુધી તેમને જામીન આપી દેવામાં આવ્યા હતા. કોર્ટમાં હાજર થયા બાદ મેજિસ્ટ્રેટ ત્રિવેણીએ બુધવાર સુધી પર્સનલ શ્યોરિટીના આધાર પર તેમને જામીન આપી દીધા હતા. આ મામલાની સુનાવણી હવે આવતીકાલે ત્રીજી સપ્ટેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે. જિલ્લા ક્રાઈમ બ્રાંચ અને એન્ટી લેન્ડ ગ્રેબિંગ સ્પેશિયલ સેલે ડીએમકેના વડા કરૂણાનિધિના પુત્ર અલાગિરી સામે કેસ દાખલ કર્યો હતો અને એવો આક્ષેપ કર્યો હતો કે, છેતરપિંડીના હેતુસર ખોટા દસ્તાવેજો ઉભા કરવામાં આવ્યા હતા અને શિવરા કોટ્ટાઈ નજીક થયા એન્જિનિયરિંગ કોલેજ માટે વિનયનગર મંદિર સાથે સંકળાયેલી જમીન કબજે કરી લીધી હતી. કથિત જમીન કબજે કરી લેવા અંગેની ફરિયાદ એક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવી હતી. ત્રીજી સપ્ટેમ્બર સુધી તેમને જામીન આપી દેવામાં આવ્યા છે. એમકે અલાગિરી એજ્યુકેશનલ ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ અલાગિરીએ રજૂઆત કરી હતી કે, ગરીબ વિદ્યાર્થીઓ માટે શિક્ષણના હેતુસર આ ટ્રસ્ટની રચના કરાઈ હતી. અલાગિરીએ એમ પણ કહ્યું હતું કે, એન્જિનિયરિંગ કોલેજ બનાવવામાં આવી હતી અને જમીનનો કેટલોક હિસ્સો ખરીદવામાં આવ્યો હતો. આ જમીન કોલેજની બહાર હતી. ચેક મારફતે ચુકવણીથી આ જમીન કાયદાકીયરીતે ખરીદવામાં આવી હોવાનો દાવો પણ અલાગિરી દ્વારા કરવામાં આવ્યો હતો.

# કાશ્મીરમાં ભીષણ અથડામણ થઇ : ત્રણ આતંકવાદીઓ ઠાર

શ્રીનગર,તા. ૨

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોએ એક મોટુ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું છે. કાશ્મીરના પુલવામા જિલ્લામાં સુરક્ષા દળો સાથે ભીષણ અથડામણ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. ગઈકાલે મોડીરાત્રે આ અથડામણ શરૂ થઈ હતી જે આજે પણ જારી રહી હતી. આજે સવાર સુધી ઓપરેશન ચાલ્યા બાદ ત્રણ ત્રાસવાદીઓ ઠાર થઈ ગયા હતા. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, સુરક્ષા દળોએ મોટુ ઓપરેશન પાર પાડીને જે મકાનમાં આતંકવાદીઓ છુપાયેલા હતા તે મકાનને સુરક્ષા દળોએ ફૂંકી માર્યું હતું. તપાસ ઓપરેશન હજુ પણ ચાલી રહ્યું છે. ઠાર થયેલા આતંકવાદીઓ કયા સંગઠનના હતા તે અંગે હજુ સુધી કોઈપણ માહિતી મળી શકી નથી. આ ઉપરાંત આ આતંકવાદીઓની ઓળખ પણ થઈ શકી નથી. સુરક્ષા દળોએ પુલવામાના રાજપુરા વિસ્તારમાં હનજાન ગામ ખાતે મોટુ ઓપરેશન હાથ ધર્યું હતું. ચોક્કસ બાતમી મળ્યા બાદ આ સફળ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે. જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર ત્રાસવાદી મોટાપાયે સક્રિય થઈ રહ્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે. હાલમાં જ અનેક વખત થયેલી અથડામણો આ અંગેની સાબિતી આપે છે. આ ઉપરાંત સરહદ ઉપર પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે.